**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૭/૧/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૭/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અતકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૯/૧૫</u>**

**નવરંગપુરાઃ** પ્રતિક હરીશભાઇ બાથમ (રહે.ક્રિષ્ણા એપાર્ટમેન્ટ, હિંગળાજ માતાના મંદિર પાસે, નવરંગપુરા)એ તા.૨૬/૧/૧૫ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧/૧૫ બપોરના ૨/૩૦ થી તા.૨૬/૧/૧૫ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.બડાત ચલાવે છે.

**<u>ચોરી -</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦/૧૫</u>**

**સેટેલાઇટ :-** મોનીકાબહેન સુરેશભાઇ દવે (રહે.અયોધ્યાનગર, રામનગર પાસે, ડેરી રોડ, પાલનપુર, બનાસકાંઠા) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧/૧૫ સવારના ૧૦/૦૦ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન સુભાષબ્રીજ બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ થી શિવરંજની બસ સ્ટેન્ડની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિ મોનીકાબહેનની નજર ચુકવી તેમની પાસેના પર્સ કે જેમાં રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- અને એ.ટી.એમ.કાર્ડ હતુ જે ચોરી કરી લઇ ગઇ હતી. જે અજાણી વ્યક્તિએ એ.ટી.એમ.કાર્ડની મદદથી રૂપિયા ૩૦,૦૦૦/- મોનીકાબહેનનાં ખાતામાંથી ઉપાડી લઇ કુલ રૂપિયા ૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.વાઘેલા ચલાવે છે.

**શાહીબાગઃ** રાજેશ કાંતીલાલ શાહ (રહે.શિલાલેખ ફ્લેટ શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૧/૧૫ રાતના ૯/30 થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન શાહીબાગ નવરોજી હોલમાંથી અજાણી વ્યક્તિ રાજેશ શાહની નજર ચુકવી ગીફ્ટમાં આવેલ સોનાના દાગીના સાથેનુ વેસ્ટ સાઇડ કંપનીનુ ગીફ્ટ વાઉચર અને લીનોવા કંપનીનો મોબાઈલ ફોન ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ એ પટેલ ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૧/૧૫**

**નરોડા :** આશિષકુમાર ગંગારામ પટેલ (રહે.શ્યામધામ સોસાયટી, સરદારચોક પાસે, કૃષ્ણનગર નરોડા) એ તા.૨૪/૧/૧૫ રાતનાં ૯/૧૫ વાગ્યાનાં સુમારે વિજયપાર્ક પાસે, ઉમિયા કાર એસેસરીઝ પાસે પોતાની એસન્ટ કાર નંબર જીજે.૨૪.કે.૨૨૨૨ કિંમત રૂપિયા ૭૫,000/- પાર્ક કરી હતી. જેની ચોરી ૪૫ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ આશિષકુમાર પટેલે તા.૨૬/૧/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.